Capital World Pg 5, 16th Feb 2022

# રશિયા-યૂક્રેન વચ્ચે તનાવ ઘટતા બિટકોઈનમાં ત્રણ ટકાથી વધુનો ઉછાળો

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં છ ટકાથી પણ વધુનો સુધારો

**કેપિટલ સંવાદદાતા તા.૧૫**

રશિયાએ યુક્રેનની નજીક ગોઠવેલી સૈનિકોની ટુકડી પાછી બોલાવી લેતાં તંગદિલી હળવી થઈ છે અને તેને પગલે ઈક્વિટી માર્કેટ તથા ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ફરી સુધારો આવ્યો છે. ક્રીપ્ટો માર્કેટમાં તો જબ્બર ઉછાળો આવતાં ક્રીપ્ટોવાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સ મંગળવારે ૩,૮૩૮ પોઈન્ટ (૬.૩૮ ટકા) વધીને ૬૩,૯૭૪ પર પહોંચ્યો હતો.

રશિયાએ લશ્કરી કવાયત બંધ કરવાનું જાહેર કર્યું તેના પરથી કટોકટીનો અંત આવ્યો હોવાનું જણાય છે. જોકે, અમેરિકાનું કહેવું છે કે વ્લાદિમીર પુતિને હજી યુક્રેન પર આક્રમણ કરવાને લગતો આખરી નિર્ણય લીધો નથી. આ લખાઈ રહ્યું છે ત્યારે અમેરિકામાં ઈક્વિટી માર્કેટ વધીને ખૂલવાની ધારણા છે.

દરમિયાન, રશિયા સરકારે કહ્યું છે કે અમુક વિસ્તારોમાં બિટકોઈનના માઈનિંગને કાનૂની સ્વરૂપ આપવાનો વિચાર ચાલી રહ્યો છે.

માર્કેટ કેપિટલાઈઝેશનની દૃષ્ટિએ સૌથી મોટી ક્રીપ્ટોકરન્સી બિટકોઈનમાં ૪ ટકાના વધારા સાથે ભાવ ૪૪ હજાર ડૉલર થયો હતો. ઈથેરિયમ પાંચ ટકાની વૃદ્ધિ સાથે ૩,૧૦૦ ડૉલરની ઉપર ગયો હતો. વૈશ્વિક ક્રીપ્ટો માર્કેટમાં કેપિટલાઈઝેશન ૫ ટકા વધીને ૧.૯૭ ટ્રિલ્યન ડૉલર થઈ ગયું છે.